# ડીસીએમ શ્રીરામ લિમિટેડ દ્વારા સ્કીલિંગ ઈન્ડિયાને સમર્થન રૂપે સેવા રૂરલને અત્યાધુનિક મશીન સહાય

■ બ્યુરો દ્વારા
■ અમદાવાદ, તા. ૧૭

ડીસીએમ શ્રીરામ લિમિટેડના ઝઘડીયા સ્થિત શ્રીરામ આલ્કલી એન્ડ કેમિકલ્સ દ્વારા સીએસઆર પહેલ અંતર્ગત ગ્રામ્ય સમુદાયના સર્વાંગી વિકાસ માટે વિવિધ વિકાસ કાર્યો જેમકે આરોગ્ય અને સુખાકારી, શિક્ષણ વિકાસ, પર્યાવરણ સંરક્ષણ અને રોજગાર વિ. છેલ્લા ૨૩ વર્ષથી હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત કંપની દ્વારા ગ્રામ્ય યુવાનો અત્યાધુનિક તકનીકિનો અભ્યાસ કરી શકે અને રોજગારી સુનિશ્ચિત કરી શકે તે હેતુથી સેવા રૂરલ દ્વારા સંચાલિત વિવેકાનંદ ગ્રામીણ તકનીકી કેન્દ્રને અત્યાધુનિક કાસ્કેડ કંટ્રોલ ટ્રેનર આપવામાં આવ્યું. આ મશીન દ્વારા સંસ્થા દ્વારા ઓટોમેશન ક્ષેત્રે નવો અભ્યાસક્રમ શરૂ કરી શકાશે.

આ પ્રસંગે ડીસીએમ શ્રીરામ લિમિટેડ, ઝઘડિયાના વાઈસ પ્રેસિડેન્ટ અને વર્કસ હેડ વિનય મહેતા દ્વારા આદિવાસી વિદ્યાર્થીઓને તકનીકી તાલીમ દ્વારા રોજગારી મેળવી પરિવારની સુખાકારી વધારવા ઉપર માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ કંપનીના સીએસઆર હેડ કનુપ્રિયા સાયગલ દ્વારા વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિક બની અન્યોને માટે રોજગારીની તકો ઉભી કરી પોતાના તેમજ દેશના આર્થિક વિકાસમાં સહભાગી થવા ઉપર ભાર મુકવામાં આવ્યો.

ઉલ્લેખનીય છે કે, સેવા રૂરલના મેનેજિંગ ટ્રસ્ટી બંકિમભાઈ શેઠ દ્વારા ડીસીએમ શ્રીરામ લિમિટેડનો સહકાર બદલ આભાર માનવા સહ મશીનના ડિઝાઈનર રાજેન્દ્રભાઈ નાયકનો પણ આભાર માન્યો હતો.